હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

સાહેબ, બીજી લહેરમાં ગરમ વરાળ લેવાથી મોં કાળુ થઈ ગયું. હવે ત્રીજી લહેરમાં ગર વરાળ લઊ તો વધુ કાળું નહીં થઈ જાય ને ....?!

ઉવારસદ બ્રિજ પર ટ્રક ડીવાઈડર કુદી રેલીંગ તોડી નીચે ખાબક્યો

ટ્રકે સામેથી આવી રહેલા પીકઅપ ડાલા સાથે ટકરાયો, ફાયર બિગ્રેડના જવાનોએ ડ્રાઈવરનો ફસાઈ ગયેલ પગ બહાર કાઢ્યો, બંન્ને ડ્રાઈવરનો આબાદ બચાવ, ટ્રક રાજસ્થાન થી મોરબી જઈ રહ્યો હતો, પોલીસ તપાસ શરુ

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર-સરખેજ માર્ગ પર ઉવારસદ બ્રિજ પર ડીવાઈડર કુદીને સામે આવી રહેલી બોલેરો પીકઅપ ડાલા સાથે ટકરાઈ ટ્રક નીચે ખાબક્યો હતો. મધ્ય રાત્રીના સમયે સર્જાયેલા અકસ્માતને પગલે નાગરીકો ઉંઘમાંથી સફાળા જાગી ગયા હતા. આ અકસ્માતમાં ટ્રકના આગળના ભાગનો ખુડદો બોલી જતા ટ્રક ડ્રાઈવરનો પગ ગંભીર રીતે ફસાઈ ગયો હતો.

જો કે ગાંધીનગર ફાયર બિગ્રેડના જવાનો ટ્રક ડ્રાઈવરને હેમખેમ બહાર નીકાળી સારવાર માટે મોકલી આપ્યો હતો. જયારે ટ્રક જીપડાલા સાથે ટકરાતા તેનો પણ ભુક્કો બોલાઈ ગયો હતો.જો કે આ બનાવમાં બંને ડ્રાઈવરનો આબાદ બચાવ થયો હતો. અકસ્માતને પગલે ઉવારસદ બ્રિજ નીચેથી ગાંધીનગર તરફ આવતો માર્ગ પણ બંધ કરવો પડ્યો હતો. અડાલજ પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ રાજકોટ ખાતે ગુરુપ્રસાદ ચોક મનં.૨૩ ગોકુલધામ કવાટર્સની બાજુમાં રહેતા મનુભાઈ રામભાઈ ગઢવી પરિવાર સાથે રહે છે અને અમિતભાઈનું બોલેરો પીકઅપ ડાલુ ચલાવી પરિવારનું ગુજરાન ચલાવે છે. ગત તા.૭ ના રોજ રાત્રીના ૮ વાગે તેઓ રાજકોટ ફોરમેન કંપની ખાતેથી લોખંડની બેરીંગો ભરીને વિજાપુર જવા માટે નીકળ્યા હતા. ત્યારે રાત્રીના અઢીવાગ્યાના અરસામાં અડાલજનો બટર ફલાય બ્રિજ પસાર કરીને ઉવારસદ બ્રિજ ઉતરતા સમયે સામેથી રોંગ સાઈડ થી એક ટ્રક નં. આર.જે.૨૭.જી.ડી.-૨૪૮૯ પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી ડીવાઈડર તોડી ડ્રાઈવર સાઈડ બોલેરો પીકઅપ ડાલાને અથડાવી ટ્રેલર બ્રિજ નીચેથી નીચે ખાબક્યું હતું. અકસ્માતને પગલે ટ્રેલરનો ડ્રાઈવર કેબીનમાં ફસાઈ ગયો હતો.ફાયરના જવાનોએ તાત્કાલીક આવી ટ્રેલરમાંથી ડ્રાઈવરને બહાર નીકાળી સારવાર માટે મોકલી આપ્યો હતો. અડાલજ પોલીસે ટ્રેલર ચાલક સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.



ખૂણેખાંચરેથી

- ગાંધીનગર જિલ્લાને પી.એમ. કેર ફંડમાંથી ૨૪ ઓક્સીજન કોન્સર્ટ્રેટર ફાળવવામાં આવ્યા છે.
- રાજયના મુખ્યમંત્રીના નિવાસસ્થાને ફરજ બજાવતા કર્મયોગીઓના ટેસ્ટીંગ કરવામાં આવ્યા છે.
- ગાંધીનગર સિવિલમાં કોરોનાના બે દર્દીઓ હાલ ઈન્ડોર પેશન્ટ તરીકે સારવાર હેઠળ છે.
- આજે બીજા શનિવારની રજા હોવાથી શહેરમાં ટ્રાફિકનું ભારણ હળવુ રહ્યુ છે.
- પતંગ રસિયાઓની પતંગ બજારમાં હજુ ઓછી ભીડ જોવા મળી રહી છે.
- પતંગની દોરીના ભાવમાં ગત વર્ષ કરતાં ૨૫ ટકા જેટલો ભાવ-વધારો જોવા મળી રહ્યો છે.
- ગાંધીનગર બ્રહ્મસમાજની મળેલ કારોબારીની બેઠકમાં રવિવારે યોજાનાર સમાજની સામાન્ય સભા કોવિડની સ્થિતિને ધ્યાને રાખી મોકુફ રાખવામાં આવી છે.
- ગાંધીનગર શહેરમાં સ્ટ્રીટલાઈટો બંધ રહેવાની ફરિયાદો પુનઃ ઉઠવા પામી છે.
- ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોના વેક્સિનેશન અભિયાનમાં ૯૪૦૦થી વધુ લોકોને આવરી લેવામાં આવ્યા છે.

સિવિલની જુની કેન્ટીન પાસેથી રીક્ષા ચોરી

ગાંધીનગર, તા.૮

શહેરમાં છેલ્લા કેટલાક સમયથી રીક્ષા ચોર ટોળકી સક્રિય થઈ હોય તેમ લાગી રહ્યું છે. પાટનગરની સિવિલ હોસ્પિટલની જુની કેન્ટીન પાસે પાર્ક કરેલી રીક્ષાની ચોરી થવા પામી છે. બનાવ અંગે સેકટર-૭ પોલીસ મથકે રૂ.૬૦ હજારની રીક્ષા ચોરી અંગે ફરીયાદ નોધાતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ અમદાવાદ સરખેજ રહેતા મહોમ્મદ મોહિબ સરફુદ્દીન સૈયદ (ઉં.૩૯) રીક્ષા ચલાવી પરિવારનું ગુજરાન ચલાવે છે. મહોમ્મદ મોહિબ સૈયદ ગત તા.૬ જાન્યુઆરીના રોજ રીક્ષા નં. જી.જે.૦૧.ડી.વાય.૯૨૧૪ લઈ ગાંધીનગર સિવિલ ખાતે સંબંધીની ખબર પુછવા માટે સાંજના ૬ વાગે આવ્યા હતા. તે સમયે તેઓએ રીક્ષા સિવિલની જુની કેન્ટીન પાસે પાર્ક કરી હતી. જયારે સંબંધીની ખબર પુછીને સાંજના ૭.૩૦ કલાકે પરત આવીને જોયુ તો પાર્ક કરેલી જગ્યા પર રીક્ષા ન હતી. સિવિલમાં અન્ય રીક્ષાઓ પણ પડી હોવાથી કોઈ વ્યકિત ભુલથી લઈ ગયાનું લાગતુ હતું. પરંતુ આજદિન સુધી રીક્ષા ન મળી આવતા સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

બીએસએફ જવાન સાથે એસબીઆઈ અધિકારી તરીકે વાત કરી રૂ.૧.૭૪ લાખની છેતરપિંડી

ભેજાબાજે પાસવર્ડ મેળવવા જવાનના મોબાઈલમાં એનીડેસ્ક એપ્લિકેશન ડાઉનલોડ કરાવી

ગાંધીનગર,તા.૮

લેકાવાડા કેમ્પ ખાતે ફરજ બજાવતા બીએસએફના જવાન સાથે ઓનલાઈન છેતરપિંડી થઈ છે. બીએસએફના જવાન સાથે એસબીઆઈના અધિકારી તરીકે ઠગ વ્યકિતએ વાત કરી હતી. ત્યારબાદ જવાનનો વિશ્વાસ જીતી ઓનલાઈન ઈલેક્ટ્રોનીકસ ઉપકરણનો ઉપયોગ કરી ઓનલાઈન બેંક એકાઉન્ટનો પાસવર્ડ મેળવવા માટે જવાનના મોબાઈલનો સ્કિન કેપ્ચર કરવા એનીડેસ્ક એપ્લિકેશન ડાઉનલોડ કરાવતા જ ગણતરીની મિનીટોમાં જવાનના એકાઉન્ટમાંથી ત્રણ તબક્કામાં રૂ.૧,૭૩,૯૯૯ ઉપાડી ઠગબાજોએ ઓનલાઈન છેતરપિંડી આચરતા જવાને ચિલોડા પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર-ચિલોડા માર્ગ પર લેકાવાડા પાસે આવેલ બીએસએફમાં રેડીયો મીકેનીક તરીકે ફરજ બજાવતા રામનરેશ અમ્બરસિંગ પરિહાર સાથે રૂ.૧,૭૩, ૯૯૯ની ઓનલાઈન છેતરપિંડી થઈ છે. જવાન એસબીઆઈ બેંકની ઓનલાઈન એપ્લિકેશનનો ઉપયોગ કરે છે. પરંતુ તે એપ્લિકેશન ન ખુલતા જવાને ગુગલ પર સર્ચ કરી એસબીઆઈના કસ્ટમર કેર નંબર પર વાત કરી હતી. જયારે જવાનને ભેજાબાજ ઠગે પોતાની ઓળખ એસબીઆઈના અધિકારી તરીકે આપી મોબાઈલમાં એનીડેસ્ક એપ્લીકેશન ડાઉનલોડ કરાવી હતી. ત્યારબાદ જવાન પાસે ઓનલાઈન એસબીઆઈ એકાઉન્ટ ઓપન કરાવતા જ પહેલા રૂ.૪૯,૦૦૦ ઉપડી ગયા હતા. ત્યારબાદ ગણતરીની મિનીટોમાં બીજા રૂ.૨૪,૦૯૯૯ અને રૂ.૧,૦૦,૦૦૦ ત્રણ તબક્કામાં ઉપડી ગયા હતા. ત્યારબાદ બેંકના કર્મચારીઓએ જવાનનું ખાતુ હોલ્ટ કરી દીધુ હતું. બનાવ અંગે જવાને ચિલોડા પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

આલમપુર ઠાકોરભવન ખાતે ઉત્તર ગુજરાત ઠાકોર સમાજ મંથન શિબિર યોજાઈ

ગાંધીનગર તાલુકાના આલમપુર ઠાકોરભવન ખાતે ઉત્તર ગુજરાત ઠાકોર સમાજ મંથન શિબિરનું આયોજમાં સમારંભના અધ્યક્ષ બળદેવજી ઠાકોર પદે કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જગદીશભાઈ ઠાકોરે જણાવ્યું કે આપણા સમાજનું ૬૦ ટકા જ મતદાન થાય છે. આ જો મતદાન ૮૫ ટકા થાય તો ૧૨પથી વધારે સીટો સાથે કોંગ્રેસ સરકાર બનશે. જો આપણા સમાજનું મતદાન ૧૦૦ ટકા થાય તો ૧૫૧ સીટો જીતીને કોંગ્રેસ સરકાર ગુજરાતમાં આવશે. આ કાર્યક્રમમાં ચંદનજી ઠાકોર ધારાસભ્ય, અજેન્દ્રસિંહ ઠાકોર-મોડાસા, ભરજી ઠાકોર-બહુચાજી, શ્રીમતી ગેનીબેન ઠાકોર-વાવ, મહેન્દ્રસિંહ બારૈયા-પ્રાંતિજ, કિર્તીસિંહ ઝાલા-મહેસાણા, માનસિંહ ઠાકોર, સહિત ૧૧૦૦ જેટલા ઠાકોરો હાજર રહ્યા હતા.

શહેરમાં સે. ૨૧માં પતંગ બજારમાં તંબુ તાણવાનો પ્રારંભ..!!!

વધતા કોરોના કેસો વચ્ચે ઉત્તરાયણ ઉમંગથી ઉજવવા પતંગરસિયાઓ તત્પર : માંજો રંગવાવાળાના ચરખાં ઘુમવા લાગ્યાં

ગાંધીનગર, તા. ૮

મકરસક્રાંતિનું પર્વ નજીક આવી રહ્યું છે. શહેરમાં પતંગરસિયાઓ ઉત્તરાયણ નિમિત્તે પતંગબાજી માટે થનગની રહ્યાં છે. જ્યારે બીજી તરફ શહેરમાં ફરી એકવાર કોરોના મહામારીના કેસો વધવા લાગ્યાં હોવાથી ચિંતાનું વાતાવરણ સર્જાયુ છે. આ બધા વચ્ચે શહેરના સેકટર-૨૧માં પતંગબજારમાં સ્ટોલધારકો દ્વારા તંબુ તાણવાનું શરૂ કરી દેવાયું છે અને તે સાથે દોરી રંગવાના ચરખાં પણ ઘુમવા લાગ્યાં છે.

ગાંધીનગરમાં સેક્ટર-૨૧ ખાતે દર વર્ષે પતંગ-દોરીના વિક્રેતાઓ માટે પતંગ બજારનું આયોજન કરવામાં આવે છે જેમાં નિયત સ્થળે મંડપ બાંધીને વેપારીઓ દોરી-પતંગનો વેપાર કરે છે. અત્યારે શહેરના સે. ૨૧માં ચર્ચ નજીકના પાર્કિંગ લોટની આસપાસ જે પરંપરાગત પતંગબજાર યોજાય છે ત્યાં પતંગ-દોરીના વિક્રેતાઓ દ્વારા પોત પોતાના સ્ટોલ ઉભા કરવાની કવાયત હાથ ધરવામાં આવી હતી જેમાં મંડપ બાંધવાથી માંડીને તંબુ ફરતે કાપડની બોર્ડર કરવી, ટેબલો ગોઠવવા, લોખંડના ઘોડા ઉભા કરી તેમાં માલ ગોઠવવો વગેરે કામો હાથ ધરવામાં આવ્યા છે. રવિવારથી પતંગ-દોરી માટેની ઘરાકી મળી રહે તે હેતુથી આજે શનિવારથી જ પતંગના વેપારીઓ દ્વારા પોતાના-કર્મચારીઓ તેમજ ઘરના સભ્યો વગેરે મળીને તંબુ સજાવવા જહેમત ઉઠાવી રહ્યાં છે.

બીજી તરફ સેક્ટર-૨૧ના પતંગબજાર વિસ્તારમાં જ દોરી રંગવાવાળાઓના સરખાં ફરવા લાગ્યાં છે જેમાં પતંગ ઉડાવવાની રંગબેરંગી દોરી રંગાવતા પતંગરસિયા જોવા મળી રહ્યાં છે. આ સાથે કાચી દોરીના રીલ ઉપરાંત પતંગને લગતી એસેસરીઝ જેવી કે ગુંદરપટ્ટી, ટોપી-ચશ્માં, પીપૂડા-ભૂંગળા, આંગળીએ લગાડવાની ટેપ અને પહેરવાની રબરની ફિંગર સેફટી સહિતની ચીજવસ્તુઓ વેચતા લારીવાળાઓ પણ જોવા મળી રહ્યાં છે. જો કે હજુ પતંગબજારમાં ઘરાકી શરૂ થવાનો થોડો સમય લાગી શકે છે પરંતુ પતંગ બજારનો ધમધમાટ શરૂ થઈ ગયો છે.

પાર્કિંગ લોટમાં એન્ટ્રીનો અડધો ભાગ તંબુ રોકશે..!!

સેક્ટર-૨૧માં પતંગબજાર ઉભુ થઈ રહ્યું છે તેમાં પાર્કિંગમાં પણ તંબુઓ ઉભા થવાની શક્યતાઓ સામે સે. ૨૧ના અન્ય વેપારીઓમાં નારાજગી પ્રવર્તી રહી છે જ્યારે બીજી તરફ પતંગબજારના સ્ટોલ ધારકોએ પાર્કિંગ લોટમાં વાહનોની એન્ટ્રીનો અડધો અડધ ભાગ દબાઈ જાય તે રીતે તંબુ બાંધવા માંડ્યા છે જે સામે તંત્ર અત્યારથી જ પગલાં ભરે તેવી સે. ૨૧ના અન્ય વેપારીઓમાં માંગ પ્રવર્તી રહી છે.

રીક્ષા ટોળકીની કરામત, અડાલજ થી સાબરમતિ જતા મુસાફરની બેગમાંથી રૂ.૭ લાખ સેરવી લીધા

પાટણ યુનિવર્સિટીના નિવૃત ચીફ એકાઉન્ટન્ટ ટોળકીનો ભોગ બન્યા, ઝુંડાલ પેટ્રોલ પંપ પાસે ટોળકીએ ઉતારી દીધા

ગાંધીનગર, તા.૮

અડાલજ થી સાબરમતિ ટોલનાકા રીક્ષામાં બેસીને જતા પાટણ યુનિવર્સિટીના નિવૃત ચીફ એકાઉન્ટ અધિકારીના રૂ.૭ લાખ ચોર ટોળકીએ સેરવી લઈ છુમંતર થઈ ગઈ છે. રીક્ષામાં અગાઉ ડ્રાઈવર સાથે ૪ વ્યકિત બેઠા હતા. ભર બપોરે રીક્ષામાં બેસાડી રૂ.૭ લાખની ચોરી કરતા પોલીસ પણ ચોંકી ઉઠી છે. અડાલજ પોલીસ મથકે અરજણભાઈ રૂપાભાઈ મકવાણાએ અજાણ્યા ચાર શખ્સો સામે ફરીયાદ નોંધાવતા પોલીસે તપાસનો ધમધમાટ શરુ કર્યો છે.

પાટણ યુનિવર્સિટીના સ્ટાફ કવાટર્સમાં એફ-૨ ખાતે રહેતા અરજણભાઈ રૂપાભાઈ મકવાણા રહે છે. તેઓ યુનિવર્સિટીમાંથી ચીફ એકાઉન્ટ તરીકે વય નિવૃત થયેલા છે. જયારે તેમનો પરિવાર આર-૮ સુર્યદિપ રો હાઉસ મોટેરા અમદાવાદ ખાતે રહે છે. ગત તા.૭ ના રોજ ૧૧ વાગ્યાના સુમારે તેઓ પાટણથી અમદાવાદ આવવા માટે નીકળ્યા હતા. મોટેરા ખાતે નવુ મકાન રાખવાનું હોવાથી તેના રૂપીયા ભરવાના હોવાથી પાટણ ખાતે થી રૂ.૭ લાખ ઉપાડી કાળા કલરની કોલેજ બેગમાં મુકી ઘરે આવવા માટે નીકળ્યા હતા. અડાલજ થી સાબરમતિ ટોલનાકા માટે તેઓ રીક્ષામાં બેઠા હતા. તે રીક્ષામાં અગાઉથી જ ચાર વ્યકિત સવાર હતા. રીક્ષા થોડી આગળ જતા રીક્ષા ચાલકે આગળ પોલીસ હશે જેથી તેની પાસે બેઠેલા વ્યકિતને પાછળ બેસવા દો, જેથી તે વ્યકિત પણ પાછળની સીટમાં બેસી ગયો હતો. ત્યારબાદ તેણે બેસતા ફાવતુ નથી તેમ કહેતા ચાલકે તમારી પાસે રહેલી બેગ આગળ મુકવા માટે આપી દો, જેથી ફરીયાદીએ ના પાડીને બેગ પગ પાસે મુકી હતી. રીક્ષા બાલાપીર સર્કલ થી ઝુંડાલ સર્કલ ઉફર ઈન્ડીયન પેટ્રોલ પંપ આગળ ઉભી રાખી હતી. રીક્ષા ચાલકે કાકા તમે અહી ઉતરી જાઓ અને હુ બીજા મુસાફરોને સામે બાજુ ઉતારીને આવુ છું. જેથી ફરીયાદી બેગ લઈને ઉતરી ગયા હતા. જયારે રીક્ષા ચાલક યુ ટર્ન મારીને અડાલજ તરફ જતો રહ્યો હતો અને પરત આવ્યો ન હતો. જેથી ફરીયાદીને ચ્હેમ જતા બેગ ચેક કરી હતી. જેથી બેગમાં મુકેલા રૂ.૫૦૦ ની દરના ૧૦ બંડલ તેમજ ૧૦૦ ની દરના ૧૦ બંડલમાંથી એકપણ બંડલ ન હતું.રીક્ષામાં બેઠેલા ચાર શખ્સો ફરીયાદીના રોકડા રૂ.૭ લાખ બેગમાંથી સેરવી લઈ ગાયબ થઈ ગયા હતા. બનાવ અંગે અડાલજ પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

ટેકવોન્ડોની ૧૮મી નેશનલ સ્પર્ધામાં એરોન પટેલે ગોલ્ડ મેડલ જીત્યો હતો.

ગુજરાત સ્ટેટ ટેકવોન્ડો ચેમ્પિયનશીપમાં ગાંધીનગરની ટીમનો શાનદાર દેખાવ

ગાંધીનગર, તા. ૮

અમદાવાદમાં સ્પોર્ટસ કોમ્પલેક્ષ ખોખરા ખાતે રાજ્યકક્ષાની પાંચમી ટેકવોન્ડો ચેમ્પિયનશીપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં યુનિવર્સલ એક્સપ્લોરર ગ્રુપ ગાંધીનગર ટેકવોન્ડો એસોસિએશન તથા ફિટનેસ ફર્સ્ટના ૪૦ જેટલાં ખેલાડીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો અને સૌથી વધુ ગોલ્ડ મેડલ મેળવી અને અન્ય ખેલાડીઓએ સિલ્વર તથા બ્રોન્ઝ મેડલ મેળવી, બેસ્ટ ટીમની ટ્રોફી એનાયત કરવામાં આવી હતી તેમજ કોચ મિલન કંસારા, રોનક કંસારા અને અજય જાડેજા દ્વારા સ્પર્ધાના ખેલાડીઓને સ્પર્ધાલક્ષી પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું તથા ઉપરોક્ત ટીમનાં મેડિકલ સ્ટાફ ચાંદની કંસારા અને અમિષા કંસારા દ્વારા ટીમનું નેતૃત્વ સંભાળેલુ હતુ તથા ટીમનાં મેનેજર સન્ની રાજપૂત, રવિ રાજપૂત, કરણ રાવલ અને જૈમિન વોરા દ્વારા ટીમને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

ગાંધીનગર ટેકવોન્ડો એસોસિશન સંસ્થાના ગ્રાન્ડમાસ્ટર પ્રકાશ સંભવાણી, ટેકનિકલ ડિરેક્ટર જતીન દવે તેમજ મિલાપ ટાટારિયા ટાઈગરે વિજેતા ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતા.

લીંબોદરામાં 'ચિર સ્થાયી ઉર્જા વિશે જાગૃતિ કાર્યક્રમ' યોજાયો

શ્રી પી.પી.આર. શાહ હાઈસ્કૂલ લીંબોદરા ખાતે બાળ 'ઉર્જા રક્ષક દળ કાર્યક્રમ' અંતર્ગત ગુજરાત ઉર્જા વિકાસ એજન્સી, ગાંધીનગરના સહયોગથી તથા નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર, ગાંધીનગર દ્વારા આયોજિત 'ચિર સ્થાયી ઉર્જા વિશે જાગૃતિ કાર્યક્રમ' યોજવામાં આવ્યો હતો. નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટરના હાર્દિકભાઈ મકવાણાએ ઉર્જા જાગૃતિ અંતર્ગત ઉર્જાના વિવિધ સ્ત્રોતો, ઉર્જા બચત, કલાઈમેટ ચેન્જ અને પ્રદૂષણને કારણે ગ્રીન હાઉસ ઈફેક્ટ જેવા વિષયો ઉપર પ્રેઝન્ટેશન દ્વારા શાળાના ધોરણ ૯ અને ૧૦ના કુલ ૫૬ બાળકોને જરુરી માહિતી પુરી પાડી હતી. ત્યારબાદ ઉર્જા વિશેની કિવઝ યોજવામાં આવી હતી. આ કિવઝમાં ધોરણ-૯ અને ૧૦ના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં પ્રથમ નંબર રાવળ સમીક્ષા ઉમેદભાઈ દ્વિતીય નંબર વાઘેલા માનસી ધર્મેન્દ્રસિંહ અને તૃતીય નંબર ચૌહાણ ક્રિષ્ના ઈન્દ્રસિંહે મેળવ્યો હતો. વિજેતા બાળકોને નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર દ્વારા અનુક્રમે રૂ. ૮૦૦, રૂ. ૭૦૦ અને રૂ. ૫૦૦ના રોકડ પુરસ્કાર શાળાના આચાર્ય તેજસિંહ પરમારના હસ્તે આપવામાં આવ્યા હતા.

વાવોલ ગામની ખાખરાવાળી સીમમાંથી ડફેર ઝડપાયો

ગાંધીનગર શહેરને અડીને આવેલા વાવોલ ગામની ખાખરાવાળી સીમમાંથી દેશી બનાવટની બંદુક સાથે ડફેરને સેકટર-૭ પોલીસે ઝડપી પાડ્યો છે. પોલીસે બંદુક (અગ્નિશસ્ત્ર) રૂ.૨૫૦૦ અને મોબાઈલ રૂ.૫ હજાર મળી કુલ રૂ.૭૫૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી આગળની તપાસ હાથ ધરી છે.

શહેરની સેકટર-૭ પોલીસ મથકના જવાનો પેટ્રોલીંગમાં હતા તે સમયે વાવોલ ગામની ખાખરાવાળી સીમમાં બાવળની ઝાડીઓમાં બે શખ્સો ગેરકાયદેસર બંદુક સાથે ફરી રહ્યા છે. જેને પગલે પોલીસ ચાલતા ચાલતા જતા બાવળની ઝાડીઓની આડમાં બે શખ્સો ફરી રહ્યા હતા. બે શખ્સોને કોર્ડન કરી પકડવા જતા એક શખ્સ અંધારાનો લાભ લઈ નાસી ગયો હતો.જયારે બંદુક (અગ્નિશસ્ત્ર) સાથે ફરી રહેલા શખ્સને પકડી પાડ્યો હતો. પોલીસે તેનુ નામ પુછતા ફરીદભાઈ અલ્લારખા ઈસ્માઈલ સિંધી (ડફેર, ઉં.૫૮ રહે, રાધનપુર ચાર રસ્તા લશકી કુવા પરિમલ સોસાયટીની બાજુમાં મહેસાણા) હોવાનું જણાવ્યું હતું. પોલીસે બંદુક (અગ્નિશસ્ત્ર) નું રાખવા માટે પાસ પરમીટ માંગતા પોતાની પાસે નહી હોવાનું જણાવ્યું હતું. પોલીસે આ બંદુક કયાંથી અને કોની પાસેથી લાવ્યા હોવાનું પુછતા અલીમ જુસબ ઉર્ફે ભુરો સિંધી ની હોવાનું જણાવ્યું હતું. પોલીસે હાથ બનાવટની બંદુક ૨૫૦૦ તેમજ એક મોબાઈલ ૫૦૦૦ મળી ૭૫૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી તપાસ હાથ ધરી છે.

ગુજરાત સરકાર
નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, ગાંધીનગર
જાહેર નિવિદા નંબર ૯ સને ૨૦૨૧-૨૨

કાર્યપાલક ઈજનેરશ્રી, ડીસા સિંચાઈ વિભાગ, ડીસા, દાંતીવાડા નહેર વસાહત, હાઈવે, ડીસા ફોન નં. ૦૨૭૪૪-૨૨૦૦૭૧ની કચેરી તરફથી ગુજરાત સરકારના નર્મદા જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ તથા માર્ગ અને મકાન વિભાગના ઈજારદારશ્રીઓની માન્ય યાદીના યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ ઈજારદારશ્રીઓ પાસેથી બી૧ ટેન્ડરો કુલ ૯ (નવ) કામના રકમ રૂ. ૮૨.૯૮ લાખના ઓનલાઈન માંગવામાં આવે છે. આ કામના ટેન્ડર અંગે હવે પછીના સુધારાઓ www.nprocure.com વેબસાઈટ ઉપરથી જોવા મળશે અને આ સાઈટ ઉપરથી ઓનલાઈન ભરવાના રહેશે. આ અંગેની વિગતવાર વિજ્ઞાપન માહિતી વિભાગની વેબસાઈટ www.statetenders.gujarat.gov.in ઉપરથી જોવા મળશે.

ઓનલાઈન ટેન્ડર સબમીશનની છેલ્લી તારીખ	તા. ૨૪/૧/૨૦૨૨ સમય ૧૮:૦૦ કલાક સુધી
ટેન્ડર ફી, બાનાની રકમ તથા અન્ય દસ્તાવેજો ફક્ત આર.પી.એ.ડી./સ્પીડ પોસ્ટ મારફત મોકલવાની છેલ્લી તારીખ અને સમય અને સ્થળ	તા. ૨૪/૧/૨૦૨૨ થી તા. ૨૯/૧/૨૦૨૨ સમય ૧૬:૦૦ કલાક સુધી કાર્યપાલક ઈજનેરશ્રીની કચેરી, ડીસા સિંચાઈ વિભાગ, આનંદ હોટલની સામે, ડીસા - ૩૮૫૫૩૫
ટેન્ડર ઓનલાઈન ખોલવાની તારીખ અને સમય અને સ્થળ	કાર્યપાલક ઈજનેરશ્રીની કચેરી, ડીસા સિંચાઈ વિભાગ, ડીસા ખાતે તા. ૩૧/૧/૨૦૨૨ સમય ૧૧:૦૦ કલાકે

નં. નામાનિ/પાલન/૫૩૦/૨૦૨૧-૨૦૨૨